H.C.Cris.Civil,P.P.13,14,Circular No.30 Edition 1903 Civil A 27g.

પ્રોસી. તરફની સાહેદી નંબર– ૨ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરી કહું છું કે–

| | |
|---|---|
| મારૂ નામ :–દીનેશ | પિતા/પતિનુ નામ :–પુંજાભાઈ મહેશ્વરી |
| ધર્મ :– હીન્દુ | ધંધો :– પ્રા.નોકરી |
| ઉમર (આશરે) વર્ષ :– ૩૯ | |
| રહેવાનુ ગામ :–દેશલપર વાંઢાય તા. ભુજ | જીલ્લો : કચ્છ |

સોગંદ આપ્યા.

**<u>સરતપાસ વિ.એ.પી.પી.શ્રી પી.વી.વાણીયા</u>**

1. બનાવ આજથી આશરે બે અઢી વર્ષ પહેલા દેશલપર વાંઢાય ગામે મારા ઘરની બાજુમાં સાંજના સાત સાડાસાત અરસામાં બનેલુ. બનાવના દીવસે મારા કાકી માલબાઈ ખીમજી મહેશ્વરી તથા તેમના પડોશી લક્ષ્મીબેન કાનજી મહેશ્વરી વોકીંગ માટે જતા હતા ત્યારે તે જગ્યાએ સામેથી રોંગ સાઈડમાં ટ્રક આવેલી અને બન્ને લેડીસોની સાથે અથડાયેલી. અને મારો બાજુમાં જ ઘર આવેલ છે રાડારાડનો અવાજ થતા ઘરથી બહારે નીકળયો ત્યારે જે સ્થળે અકમાસ્ત થયેલ હતો તે જગ્યાએ માાર કાકી માલબાઈ તથા લક્ષ્મીબેનને જોયેલા.અને ત્યાં ટ્રક જોયેલી જે અકસ્માત થયેલ હતી તે હતી જે ટ્રકના નંબર જી જે ૧૨ એકસ ૩૩૮૩ હતા. આ ટ્રકના ચાલક હાજુભાઈ રાઠોડ હતા. આ બનાવાળા સ્થળેથી આ બન્ને સ્ત્રીઓને સારવા

---

**સાહેદની સહી**

૨ માટે  જી કે જનરલ હોસ્પિટલ ૧૦૮ એમ્યુલન્સમાં લઈ ગયેલા. હોસ્પિટોલમાં ડોકટરે આ બન્ને સ્ત્રી મરણ ગયેલી છે તેવુ જાહેર કરેલુ. મારુ ઘર દેશલપર ખાતે વીર માંગડા વાળાનો મંદિર છે તેની બાજુમાં આવેલ છે.

2. આ બનાવ બાબતે મે પોલીસમાં ફરીયાદ કરેલ. મને નામ. કોર્ટના રેકર્ડમાંથી માર્ક ૮/૧ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–**૧૫**

3. લક્ષ્મીબેનને માથામાં લાગેલ હતુ તથા માલબાઈબેનને ગળામાં લાગેલ હતુ. આ કામના આરોપીઓને જોયેથી ઓળખી શકુ તે આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે ઓળખની કોઈ તકરાર નથી.

   સરતપાસ પૂરી.

4. **<u>ઉલટ તપાસ :– આરોપી તરફે વિ.વ.શ્રી આર.એસ. ગઢવી</u>**

   એ વાત ખરી છે કે આરોપીને પોલીસે પકડયો તે વખતે અમે આરોપીને જોયેલો. એ વાત ખરી નથી કે આરોપીને મે પો.સ્ટે.માં જોયેલો જેથી આરોપીને ઓળખવાની વાત જણાવુ છુ. એ વાત ખરી છે કે અકસ્માતનો બનાવ સાંજના સમયે બનેલો. એ વાત ખરી છે કે અકસ્માતનો બનાવ શીયાળાની સીજનમાં બનેલ અને અકસ્માત જે સમયે બનેલ તે સમયે અંધારો હતો. એ વાત ખરી છે કે બનાવના સ્થળે હું પબ્લીકનો અવાજ સાંભળેલ ત્યાર પછી પહોચેલ.

---
**સાહેદની સહી**

એ વાત ખરી છે કે પબ્લીક જે અવાજ કરેલો તે અકસ્માત થઈ ગયા પછી કરેલો. અકસ્માત એક ફોર વ્હીલ ગાડી અને ટ્રક વચ્ચે થયેલો. એ વાત ખરી છે કે જે વખતે અકસ્માત વાળો બનાવ બનેલ તે વખતે માતાના મઢ પદયાત્રીઓ પણ જતા હતા. એ વાત ખરી છે કે પદયાત્રીઓના કારણે રોડ પર સતત ભીડ રહેતી હતી. એ વાત ખરી નથી કે મે જે ફરીયાદ આપેલ તે ફરીયાદની અંદર '' મારા કાકી માલબાઈ ખીમજી મહેશ્વરી તથા તેમના પડોશી લક્ષ્મીબેન કાનજી મહેશ્વરી વોકીંગ માટે જતા હતા ત્યારે તે જગ્યાએ સામેથી રોંગ સાઈડમાં ટ્રક આવેલી અને બન્ને લેડીસોની સાથે અથડાયેલી.'' તેવી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત હકીકત લખાવેલ ન હોવા છતા સોગંદ પર ખોટો જણાવુ છુ. એ વાત ખરી છે કે મે જે ફરીયાદ આપેલ તે ફરીયાદની અંદર ટ્રક ડ્રાઈવરનો નામ આપેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદની અંદર ટ્રક ડ્રાઈવરના બાંધા કે કપડાનો કોઈ વર્ણન કરેલ નથી.

એ વાત ખરી છે કે મે અકસ્માતનો બનાવ બન્યો ત્યારબાદ બનાવ સ્થળે પહોચેલા. એ વાત ખરી છે કે હુ બનાવના સ્થળે પહોચ્યો ત્યારે ફોર વ્હીલ ગાડી અને ટ્રક ભટકાઈ ગયેલા હતા અને બન્ને ઈજા પામનાર ઈજાગ્રસ્ત હાલતમાં જમીન ઉપર પડેલા હતા. એ વાત ખરી નથી કે મારા કાકી અને બીજા ઈજા પામનાર રોડ પર ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હતા. એ વાત ખરી છે કે હોસ્પીટલમા જયારે સારવાર માટે લઈ ગયા ત્યારે બન્ને ઈજા પામનાર કઈ ફોર વ્હીલ ગાડી કે કઈ ટ્રકથી ઈજા થયેલ છે

સાહેદની સહી

તેના નંબર જણાવેલ નહી. એ વાત ખરી નથી કે હોસ્પીટલમાં દેશલપર વાંઢાયમાં કઈ જગ્યાએ બનાવ બનેલ છે તેની કોઈ વિગત આપેલ નથી. એ વાત ખરી નથીકે પોલીસે અકસ્માતની ફરીયાદ પોતાની રીતે ડ્રાફ્ટ કરેલી અને તેમાં માત્ર મે સહી કરેલી. એ વાત ખરી છે કે મારા કાકીનું વળતર બાબતે કેસ કરેલ છે. એ વાત ખરી નથી કે વળતરના કેસ માટે ટ્રકના નંબર અને ગાડીના નંબરની જરુર પડે જેથી અમે ટ્રકના નંબર ફરીયાદની અંદર સંડોવેલ છે. એ વાત ખરી નથી કે જે ટ્રકના નંબર ફરીયાદમાં જણાવેલ છે તે ટ્રક સાઈડમાં પાર્ક કરેલ હતી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં જણાવેલ ટ્રકથી કોઈ બનાવ બનેલ જ નથી. એ વાત ખરી નથી કે ફોરવ્હીલ ગાડીથી મારા કાકી તથા અન્ય પાડોશીને ઈજા થયેલ પરંતુ ફોર વ્હીલ ગાડીનો વીમો ન હોઈ કલેમ કેશ કરવા માટે રોડની સાઈડમાં ઉભેલ ટ્રકને ખોટી રીતે ફરીયાદ વીમો પકવવા માટે સંડોવી દીધેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદમાં જણાવેલ હકીકત વાળો બનાવ વીશે જાત માહીતી ન હોવા છતા હું ભણેલો ગણેલો હોઈ ફરીયાદની હકીકત વાંચી સરતપાસની વિગતો જણાવેલ છે. એ વાત ખરી નથી કે સરતપાસની હકીકત ખોટી રીતે જણાવેલ છે. એ વાત ખરી નથી કે હાજુભા ટ્રકના ડ્રાઈવર ન હોવા છતા અમો કરેલ ખોટી ફરીયાદના અનુસંધાને પોલીસે ખોટી રીતે અટક કરેલ અને અટક કરતી વખતે પો.સ્ટે.માં જેઓને જોયેલુ આજરોજ તેનુ નામ સરતપાસમાં ખોટી રીતે જણાવેલ છે. એ વાત ખરી છે કે હુ પહોચ્યો તેનાથી પહેલા

---

**સાહેદની સહી**

અકસ્માતનો બનાવ બનેલ હોઈ બનાવ કઈ રીતે બનેલ તેની મને ખબર નથી.

ઉ.ત. પુરી.

ફેરતપાસ નથી.

ભુજ–કચ્છ.

તારીખ : ૧૩/૦૨/૨૦૨૪

**સાહેદ, એ.પી.પી.શ્રી, બચાવપક્ષના વિ.વ.શ્રી મોનીટર ઉપર જુબાની વાંચી શકે છે. તેથી તેઓની એપ્રુવ કરેલ જુબાનીની પ્રિન્ટ કરી કેસમાં મુકેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૭/૨૦૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા મુજબની તેની સહી લેવામાં આવેલ છે.**

મારી રૂબરૂ

આઠમાં અધિક સેશન્સ જજ

ભુજ–કચ્છ.

---

**સાહેદની સહી**